**બનાસકાંઠા જીલ્લા પોલીસ દ્વારા કરેલ સારી** કામગીરી (તા.૦૭/૧૦/૨૦૨૪ થી તા.૧૩/૧૦/૨૦૨૪ સુધી)

(૧)

તા.૦૮/૧૦/૨૦૨૪ ના કલાક ૧૪/૦૦ થી કલાક ૨૨/૩૦ વાગ્યા દરમ્યાન મોજે ભાભરથી રાધનપુર જતા માનપુરા ગામ હાઈવે રોડ ઉપર અ કામના સ્કોર્પિયો ગાડી જેના આર.ટી.ઓ. રજી. નંબર- GJ.12.CG–5458 ના ચાલક તથા કંડકટર તથા સ્કોર્પિયો ગાડીમા વિદેશી દારૂનો જથ્થો ભરાવનાર તથા સ્કોર્પિયો ગાડીમા ભરેલ વિદેશી દારૂનો જથ્થો મંગાવનાર તથા સ્કોર્પિયો ગાડીના માલીક વિગેરે નાઓ ગુજરાતમા દારૂ બંધી હોવા છતા એકબીજાના મેળાપીપણામા ગુજરાત રાજ્યમા વિદેશી દારૂ ઘુસાડવાનુ ગુનાહિત કાવતરૂ રચી સ્કોર્પિયો ગાડીમાં ખોટી નંબર પ્લેટ બનાવી તેનો સાચી તરીકે પોતાની ઉપરોકત ગાડીમા લગાવી, કિંમતી જામીનગીરી બનાવી ઉપયોગ કરી એકબીજાને મદદગારી કરી ગુંન્હો કરેલ હોય આ કામે ભારતીય બનાવટનો વિદેશી દારૂની બોટલો તથા બિયરનો જથ્થો મળી કુલ બોટલ નંગ- ૩૪૨૮ કિ.રૂ. ૪.૦૦.૯૦૦/- તથા સ્કોર્પિયો ગાડીની કિ.રૂ ૪,૦૦,૦૦૦/- તથા મોબાઇલ ફોન – ૨ કિ.રૂ.૧૦.૦૦૦/- તથા વોટસએપના સ્ક્રીનશોર્ટ ૩ કિ રૂ ૦૦/- મળી કુલ્લે કિ.રૂ.૮,૧૦,૯૦૦/- ના મુદ્દામાલની હેરાફેરી દરમ્યાન સ્કોર્પિયો ગાડીનો ચાલક તથા તેની સાથે આવેલ કંડકટર ગાડી મુકી નાશી ગયેલ હોઈ તેમજ બાકીના આરોપી હાજર નહી મળી આવી ગુનાહિત કાવતરામા સામેલ થઈ ગુનો કરેલ હોઇ તેના ભાભર પોસ્ટે પાર્ટ-સી ગુ.ર.નં. ૧૧૧૯૫૦૦૭૨૪૦૬૮૫/૨૦૨૪ ગુજરાત નશાબંધી અધિનિયમ ૧૯૪૯ તથા ગુજરાત નશાબંધી (સુધારા) અધિનિયમ-૨૦૧૭ ની કલમ ૬૫-એ-ઈ,૮૧,૮૩, ૧૧૬(બી),૯૮(૨) બી.એન.એસ. ૩૩૬(૨), ૩૪૦, ૬૧(૨) મુજબનો ગુનો દાખલ કરી સારી કામગીરી કરવામાં આવેલ છે.